email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૫ મે, ૨૦૨૬ ૭

વડોદરાની સાહસિક નારીઓ

સંસ્કારી નગરીમાં વધી રહ્યો છે ‘સોલો ટ્રાવેલિંગ’નો ક્રેઝ

વડોદરાઃ એક સમય હતો જ્યારે સ્ત્રીઓ માટે ઘરની બહાર નીકળવું એટલે માત્ર સામાજિક પ્રસંગો કે ખરીદી પૂરતું મર્યાદિત હતું. પરંતુ બદલાતા સમય સાથે વડોદરાની નારીઓએ પોતાની ક્ષિતિજો વિસ્તારી છે. આજે વડોદરાની યુવતીઓ અને ગૃહિણીઓમાં ‘સોલો ટ્રાવેલિંગ’ એટલે કે એકલા પ્રવાસ કરવાનો ટ્રેન્ડ ખૂબ જ તેજીથી વધી રહ્યો છે. પોતાની જાતને શોધવા, શાંતિ મેળવવા અને આત્મનિર્ભરતાનો અનુભવ કરવા માટે વડોદરાની મહિલાઓ હવે ગ્રુપ કે પરિવારની રાહ જોયા વગર બેગ પેક કરી નીકળી પડે છે. સોલો ટ્રાવેલિંગ એ માત્ર ફરવા પૂરતું મર્યાદિત નથી, પણ તે એક આત્મવિશ્વાસ વધારનારી પ્રક્રિયા છે. વડોદરાના વિવિધ ક્ષેત્રોની મહિલાઓ હવે આ સાહસ ખેડી રહી છે

ઇસ્તંબુલના ઇતિહાસ વચ્ચે સુરક્ષાનો અનુભવ : પલક પટેલ

વડોદરાની પલક પટેલએ 2015થી સોલો ટ્રાવેલિંગની શરૂઆત કરી હતી. મુસ્લિમ કન્ટ્રી તરીકે ઓળખાતા તુર્કીના ઇસ્તંબુલ અને સિંગાપોર જેવા દેશોમાં તેમણે એકલા પ્રવાસ કર્યો છે. પૂજા જણાવે છે કે, “જ્યારે તમે એકલા હોવ છો ત્યારે તમારે બધું જ હેન્ડલ કરવાનું હોય છે, જે તમને મજબૂત બનાવે છે”. સિંગાપોર જેવા સેફ કન્ટ્રીથી શરૂઆત કર્યા બાદ તેમણે ડેન્માર્ક અને જર્મનીની પણ મુલાકાત લીધી. ટ્રિપ દરમિયાન લોકલ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને શહેરને નજીકથી જાણવું તેમને ખૂબ ગમે છે.

સ્પેનના રસ્તાઓ પર પગપાળા સફર સુનિતા પટેલનો અનોખો અનુભવ

વડોદરાની સુનિતા પટેલએ પોતાની પહેલી સોલો ટ્રિપ માટે યુરોપના સ્પેન દેશના બાર્સેલોના શહેરની પસંદગી કરી હતી. તેમનો અનુભવ વર્ણવતા તેઓ જણાવે છે કે, ત્યાંના રસ્તાઓ પર રોજના 18 થી 20 હજાર સ્ટેપ્સ ચાલીને તેમણે શહેરની સ્થાપત્ય કલા અને સંસ્કૃતિને મન ભરીને માણી હતી. શરૂઆતમાં પરિવારને તેમની સુરક્ષાની ચિંતા હતી, પરંતુ બાર્સેલોનામાં એકલા ફરવાની જે મજા આવી તે અવિસ્મરણીય હતી. આ ટ્રિપ બાદ તેમનો આત્મવિશ્વાસ એટલો વધ્યો કે તેમણે જર્મની, ઓસ્ટ્રિયા અને ઇટાલી જેવા દેશોમાં પણ સોલો ટ્રિપ ખેડી નાખી છે.

મુંબઈ-પુણેના હિલ સ્ટેશન પર યોમાસાની મજા : વૈશાલી કંસારા

વડોદરાના પ્રોફેશનલ વૈશાલી કંસારા જણાવે છે કે તેમને વરસાદી વાતાવરણમાં હિલ સ્ટેશનો પર ફરવું ખૂબ ગમે છે. તેમણે મુંબઈ અને પુણે નજીક આવેલા લોનાવાલા, ખંડાલા અને મહાબળેશ્વર જેવા સ્થળોની સોલો ટ્રિપ કરી છે. એક વાર ઋષિકેશની ટ્રિપ દરમિયાન તેમનું પર્સ પડી ગયું હતું, છતાં તેમણે હિંમત હાર્યા વગર પોતાની સફર ચાલુ રાખી હતી. તેઓ માને છે કે સોલો ટ્રિપ દરમિયાન આવતા પડકારો આપણને જીવનના પાઠ શીખવે છે. હિલ સ્ટેશનના ધુમ્મસભર્યા વાતાવરણમાં એકલા ટ્રેકિંગ કરવાનો અનુભવ તેમને દર વર્ષે નવી તાજગી આપે છે.

દુબઈના ગ્લેમર વચ્ચે વડોદરાની નારીની ‘સેલ્ફ-ડેટ’ : જીજ્ઞા શુકલા

વડોદરાની સાહસિક અને શિક્ષિકા મહિલા જીજ્ઞા શુકલા માટે હવે દુબઈ માત્ર શોપિંગ ડેસ્ટિનેશન નથી, પણ સોલો એડવેન્ચરનું કેન્દ્ર બન્યું છે. દુબઈ જેવા અત્યંત સુરક્ષિત અને લક્ઝુરિયસ શહેરમાં એકલા ફરવાનો અનુભવ કંઈક અલગ જ હોય છે. બુર્જ ખલીફાની ઊંચાઈ નિહાળવાથી લઈને ડેઝર્ટ સફારીમાં રેતીના ઢુવાઓ વચ્ચે એકાંત માણવા સુધીની આ સફર આત્મવિશ્વાસથી ભરેલી હોય છે. લોકલ મેટ્રોમાં મુસાફરી કરવી અને ગ્લોબલ વિલેજમાં વિવિધ દેશોની સંસ્કૃતિને કોઈ પણ સાથી વગર માણવી એ વડોદરાની નારીઓ માટે એક સશક્તિકરણનો અનુભવ સાબિત થઈ રહ્યો છે. સોલો ટ્રિપમાં અહીં સુરક્ષાની ચિંતા ન હોવાને કારણે મહિલાઓ મોડી રાત સુધી દુબઈના રસ્તાઓ પર નિર્ભય બનીને ફરી શકે છે.

સરકારી શાળાઓમાં ડિજિટલ ક્રાંતિ: AI લેબ, સોલાર રૂફટોપ અને રોબોટિક્સ સાથે બનશે સ્માર્ટ કેમ્પસ

સરકારી શાળાનો અર્થ બદલાશે

6 મહિનામાં 6 નવી અદ્યતન શાળાઓ તૈયાર થશે, બાળકોનો અભ્યાસ ન બગડે તેની તકેદારી

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હવે ખાનગી શાળાઓને ટક્કર મારે તેવી AI લેબ, ગ્રીન બિલ્ડિંગ અને રોબોટિક્સ સુવિધાઓ સાથેની અદ્યતન શાળાઓ બનાવવા જઈ રહી છે. સમિતિની 19 શાળાઓનું રીડેવલપમેન્ટ ચાલી રહ્યું છે, જેમાંથી 6 શાળાનું બાંધકામ માત્ર 6 મહિનામાં પૂર્ણ થઈ જશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ડો.વિપુલ ભરતીયાએ માહિતી આપતા જણાવ્યું કે, વડોદરા હસ્તકની હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની કુલ 121 શાળાઓ છે. જે હાલ 79 બિલ્ડિંગમાં કાર્યરત છે. તેમાંથી 19 શાળાઓના મકાનો રીડેવલપમેન્ટ હેઠળ છે. 6 શાળામાં કન્સ્ટ્રક્શન ચાલુ છે અને 13 શાળામાં ડેમોલેશનની પ્રક્રિયા પ્રગતિમાં છે. ડેમોલેશન બાદ ત્યાં પણ ડેવલપમેન્ટ શરૂ થઈ જશે. ભરતીયાએ ઉમેર્યું, જે બાળકો આ શાળામાં ભણતા હતા, તેમને નજીકની શાળામાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપીને અભ્યાસ ન બગડે તેવી વ્યવસ્થા કરી છે. હાલ કુલ 40,000 જેટલા બાળકો સમિતિની શાળામાં શિક્ષણ મેળવી રહ્યા છે. આગામી સત્રમાં બજેટમાં મંજૂર થયેલી કોન્સેપ્ટ સ્કૂલ હેઠળ બે શાળાઓ ડેવલપ કરાશે. પ્રથમ અટલાદરા ખાતે પૂજ્ય મહંત સ્વામી મહારાજ શૈક્ષણિક સંકુલ. અહીં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય માધ્યમની પ્રાથમિક શાળા સાથે માધ્યમિક શાળા પણ હશે. બીજી વાડીની કવિ પ્રેમાનંદ શાળા.નવી 6 શાળાઓનું કન્સ્ટ્રક્શન 6 મહિનામાં પૂર્ણ થઈ જશે. બાકીની શાળાઓ ડેમોલેશન અને પ્લોટ હેન્ડઓવર બાદ એકાદ વર્ષમાં તૈયાર થઈ જશે તેમ શાસનાધિકારી વિપુલ ભરતીયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વડોદરાની સરકારી શાળાઓ હવે માત્ર ભણતર જ નહીં, ટેક્નોલોજી, પર્યાવરણ અને રમતગમતનું હબ બનવા જઈ રહી છે.

અટલાદરામાં બનશે ગ્રીન કેમ્પસ

અટલાદરાના સંકુલમાં ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ગુજરાતી પ્રાથમિક સ્કૂલમાં રાઉન્ડ ટેબલ ઇન્ડિયાના સહયોગથી ગ્રીન બિલ્ડિંગ બનાવ્યું છે. અહીં ઇંગ્લિશ અને ગુજરાતી મીડિયમની શાળા બેસશે. સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા 25 વર્ગખંડોનું વિશાળ બિલ્ડિંગ દોઢ મહિનામાં કાર્યરત થઈ જશે. માધ્યમિક શાળાનું નવું બિલ્ડિંગ, હિન્દી બિલ્ડિંગ, બાલવાડી અને બાલવાટિકાનું અલગ પ્રેમાઈસીસ પણ બનશે.

AI રોબોટિક્સ લેબથી ગાર્ડન સુધીની સુવિધા

તમામ બિલ્ડિંગમાં સોલાર રૂફટોપ, AI રોબોટિક્સ લેબ, આધુનિક લાઇબ્રેરીની વ્યવસ્થા થશે. સાથે વિશાળ લેન્ડસ્કેપિંગ વાળું ગાર્ડન અને મધ્યાહન ભોજન માટે એક જ મોટો શેડ આકાર લઈ રહ્યો છે. આ બધો ડેવલપમેન્ટ સમગ્ર શિક્ષા વિભાગ અને વિવિધ એનજીઓ સાથે એમઓયુ કરીને થઈ રહ્યો છે.

એક પણ વર્ગ શિક્ષક વગર નહીં રહે

સરકારી શાળામાં સરકાર તરફથી પૂરતા શિક્ષકો છે. માધ્યમિક શાળામાં સમિતિ તરફથી ક્વોલિફાઇડ ઉચ્ચક શિક્ષકોની વ્યવસ્થા કરીએ છીએ. એક પણ વર્ગ શિક્ષક વગર ન રહે, તેની ખાસ કાળજી લઈએ છીએ સ્ટેટ તરફથી ખેલ સહાયકો મુકાયા છે. સાથે જ સમિતિએ સ્પોર્ટ્સ બજેટમાંથી ક્વોલિફાઇડ સ્પોર્ટ્સ ટીચરની નિમણૂક કરી છે. જેથી તમામ શાળામાં બાળકોને સ્પોર્ટ્સના શિક્ષકો મળી રહે.